ત્રણ મહિના અગાઉના અકસ્માતની ઘટનાને લઈને ફરી વિવાદ વકર્યો

સંજેલીના કરંબા ગામે જૂની અદાવતમાં બે જૂથો વચ્ચે ધીંગાણું, પોલીસ પર પથ્થરમારો

112ની ટીમ સાથે માથાકૂટ બાદ પોલીસ કાફલા પર પથ્થરમારો, પોલીસનાં વાહનોને નુકસાન



(પ્રતિનિધિ) વડોદરા તા.8

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કરંબા ગામે જૂની અદાવતને લઈને બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ધીંગાણું સર્જાતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. જૂના વિવાદના સમાધાનને લઈને એક યુવકને બંધક બનાવવામાં આવ્યો હોવાની જાણ થતાં તેના પરિવારજનોએ 112 ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. યુવકને છોડાવવા પહોંચેલી 112ની ટીમ સાથે પણ ઉશ્કેરાયેલા ટોળાએ માથાકૂટ કરી પથ્થરમારો કરતાં મામલો વધુ ગંભીર બન્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, આશરે ત્રણ મહિના અગાઉ બનેલી અકસ્માતની એક ઘટનાને લઈને બંને જૂથો વચ્ચે અદાવત ચાલી રહી હતી. અગાઉના અકસ્માતના બનાવમાં હત્યા સહિતના ગંભીર આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. આ જૂના વિવાદનું સમાધાન કરાવવાના મુદ્દે ફરીથી બંને પક્ષો વચ્ચે તણાવ ઊભો થયો હતો. આ દરમિયાન એક યુવકને બંધક બનાવવામાં આવ્યો હોવાની વાત સામે આવતાં તેના પરિવારજનોએ પોલીસની 112 ઈમરજન્સી સેવાની મદદ માગી હતી.

ઘટનાની જાણ થતાં 112ની ટીમ કરંબા ગામે પહોંચી હતી, પરંતુ ત્યાં હાજર ટોળા સાથે બોલાચાલી અને માથાકૂટ થતાં મામલો ઉગ્ર બન્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ તંત્રને જાણ કરવામાં આવતાં ASP, DYSP સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. સાથે જ LCB, SOG, સંજેલી, ઝાલોદ, લીમડી અને સુખસર પોલીસ મથકનો સહિત ના મોટો પોલીસ કાફલો પણ કરંબા ગામે પહોંચ્યો હતો.

જોકે, પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા બાદ પણ ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ સાથે માથાકૂટ કરી હતી અને પોલીસ કાફલા પર પથ્થરમારો કર્યો હતો. આ પથ્થરમારામાં પોલીસનાં વાહનોને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. બનાવમાં સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડવા માટે ગામ તથા આસપાસના વિસ્તારમાં પોલીસ દ્વારા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સમગ્ર મામલે મહિલા અને પુરુષો સહિત અંદાજે 30 જેટલા લોકોને રાઉન્ડઅપ કરી વધુ પૂછપરછ અને તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. કરંબા ગામે જૂની અદાવતમાંથી શરૂ થયેલો વિવાદ પોલીસ સુધી પહોંચતાં જિલ્લા પોલીસ તંત્ર એક્શનમાં આવ્યું છે. હાલ સમગ્ર ઘટનાને લઈને પોલીસ દ્વારા વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

સીતાફળનું બી ગળી ગયેલ ૧ વર્ષના આતિફનો ચમત્કારિક બચાવ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૮

અંકલેશ્વરના મીરાનગર વિસ્તારમાં રહેતા આતિફ હસનેન અંસારી નામના ૧ વર્ષના માસૂમ બાળકે ઘરે રમતા રમતા અચાનક જ સીતાફળનું બી ગળી લીધું હતું. આ બી શ્વાસનળીમાં અટવાઈ જવાને કારણે બાળકને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડવા લાગી હતી અને તેની તબિયત અચાનક લથડી હતી. પરિવારજનો ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક ધોરણે બાળકને વડોદરાની અત્યાધુનિક સુવિધાઓ યુક્ત સયાજી હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા.

બાળકને હોસ્પિટલના પીડિયાટ્રિક ઈન્ટેન્સિવ કેર યુનિટના પીડીયા C યુનિટમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાળકની ગંભીર સ્થિતિને જોતાં હોસ્પિટલના તબીબો તાત્કાલિક કામે લાગી ગયા હતા. હાજર તબીબ ડો. ભગીરથના માર્ગદર્શન હેઠળ બાળકની તાત્કાલિક મેડિકલ તપાસ કરવામાં આવી હતી અને કટોકટીની આ સ્થિતિને પહોંચી વળવા માટે હોસ્પિટલની નિષ્ણાત ટીમ સક્રિય થઈ હતી.બાળકના શ્વાસમાં અટવાયેલા સીતાફળના બી ને બહાર કાઢવું એ એક અત્યંત નાજુક અને જોખમી પ્રક્રિયા હતી.

સીતાફળનું બી ગળી ગયેલા ૧ વર્ષના આતિફનો બચાવ થયો



(પ્રતિનિધિ) બોડેલી. તા.૮

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ ખાતે દિવાળી પર્વની ઉજવણી દરમિયાન પરંપરાગત લોકકલાનો અનોખો નજારો જોવા મળી રહ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ બહેરુપીએ છેલ્લા કેટલાક દિવસોથી અલગ-અલગ વેશભૂષા ધારણ કરી જબુગામના લોકોને આકર્ષિત કર્યા છે.

પોતાની આગવી કલા અને અભિનયથી બહેરુપીએ ગામમાં ભારે ઉત્સાહનું વાતાવરણ સર્જ્યું છે. આજરોજ બહેરુપી દ્વારા ગાડાનું પાત્ર ભજવવામાં આવ્યું હતું. આ પાત્ર ભજવવાની તેમની આગવી શૈલી અને અનોખી રજૂઆતને કારણે તેઓ ખાસ પ્રખ્યાત છે. બહેરુપીના આ અનોખા સ્વરૂપને નિહાળવા માટે બાળકો અને યુવાનોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં.

જબુગામના મુખ્ય બજારમાં બહેરુપીએ પોતાની કલાથી લોકોનું ધ્યાન ખેંચ્યું હતું અને સમગ્ર બજારમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બહેરુપીની પાછળ બાળકો અને યુવાનો ઉત્સાહપૂર્વક ફરતા જોવા મળ્યા હતા.

MS યુનિવર્સિટીમાં સાપ નીકળતા ફફડાટ, રેસ્ક્યુ ટીમે જીવ બચાવ્યો

આર્ટ્સ ફેકલ્ટીના સ્ક્રેપ રૂમમાંથી 5 ફૂટ લાંબો ધામણ મળ્યો ,તહેવારના દિવસે પણ રેસ્ક્યુ ટીમે બતાવી માનવતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં દિવાળીના દિવસે એક અણધારી ઘટના બની હતી. આર્ટ્સ ફેકલ્ટીમાં આવેલા સ્ક્રેપ રૂમમાંથી અચાનક એક મોટો સાપ નીકળતા ત્યાં હાજર સ્ટાફ અને કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો.

દિવાળીનું વેકેશન હોવાથી યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓની ચહલ-પહલ નહિવત્ હતી. કેમ્પસ લગભગ સૂમસામ હતું. આવા શાંત વાતાવરણમાં જ સાપ સ્ક્રેપ રૂમમાં ઘૂસી ગયો હોવાનું માનવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓની અવર-જવર ન હોવાને કારણે સાપને છુપાવા માટે શાંત અને સુરક્ષિત જગ્યા મળી ગઈ હતી. સ્ક્રેપ રૂમમાંથી અંદાજે સાડા ચારથી પાંચ ફૂટ લાંબો વિશાળ ધામણ સાપ મળી આવ્યો હતો. સ્ક્રેપ રૂમમાં પડેલા જૂના સામાન વચ્ચે સાપ છુપાયો હતો. તેને જોતાં જ સ્ક્રેપ કોન્ટ્રાક્ટર યશભાઈએ તાત્કાલિક વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રમુખ અરવિંદ પવારને ફોન કરી જાણ કરી હતી. કોલ મળતાની સાથે જ સંસ્થાના કાર્યકર હાર્દિક પવાર તહેવારની રજા હોવા છતાં તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે ભારે જહેમત અને સાવચેતી સાથે સ્ક્રેપ રૂમમાંથી ધામણ સાપને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી લીધો હતો. ત્યારબાદ આ સાપને વડોદરા વન વિભાગના રેસ્ક્યુ સેન્ટર ખાતે સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો હતો, જ્યાં તેની તપાસ બાદ તેને કુદરતી વસવાટમાં મુક્ત કરવામાં આવશે. દિવાળી જેવા તહેવારના દિવસે પણ પોતાની ફરજ નિભાવીને જીવદયાનું ઉમદા કાર્ય કરનાર રેસ્ક્યુ ટીમની કામગીરીને કારણે યુનિવર્સિટીના સ્ટાફ અને સુરક્ષાકર્મીઓએ રાહતનો શ્વાસ લીધો હતો તથા સૌએ તેમની પ્રશંસા કરી હતી. ઉલ્લેખનીય છે કે, ધામણ સાપ બિનઝેરી હોય છે, પરંતુ તેના મોટા કદના કારણે લોકોમાં ડર ફેલાયો હતો.

બોરસદના અલારસા પાસે નંબર પ્લેટ વગરના ટ્રેક્ટરે સાયકલને અડફેટે લીધી

અલારસા-કોસીન્દ્રા રોડ પર પરાળ બાંધવાના મશીનવાળા ટ્રેક્ટરે સાયકલ સવાર ૬૩ વર્ષીય વૃદ્ધને કચડતાં ચકચાર મચી

(પ્રતિનિધિ) આણંદ, તા.8

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના અલારસા ગામ નજીક કોસીન્દ્રા રોડ પર પૂરઝડપે આવી રહેલા નંબર વગરના ટ્રેક્ટરે સાયકલ સવાર વૃદ્ધને જોરદાર ટક્કર મારતાં વૃદ્ધનું ગંભીર ઈજાઓ થવાથી કરુણ મોત નીપજ્યું છે. આ બનાવ સંદર્ભે મૃતકના પૌત્ર સંજયભાઈ અરવિંદભાઈ સોલંકીએ બોરસદ સિટી પોલીસ મથકે અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ગતો મુજબ, તા. ૦૭/૧૧/૨૦૨૬ના રોજ બપોરે સવા ત્રણ વાગ્યાની આસપાસ ફરિયાદી સંજયભાઈ પોતાની કાર લઈને બોરસદથી અલારસા તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન અલારસા ગામ પસાર કરી ઊંડી નરી અને આરી કારી માતાજીના મંદિર તરફના રોડ પાસેથી એક લીલા રંગનું નંબર પ્લેટ વિનાનું ઈન્ડો ફાર્મા કંપનીનું ટ્રેક્ટર પસાર થઈ રહ્યું હતું, જેની પાછળ પરાળ (પૂળા) ના ગઠ્ઠા બાંધવાનું મશીન જોડેલું હતું.

આ ટ્રેક્ટરના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી સાયકલ લઈને જઈ રહેલા રાવજીભાઈ મંગળભાઈ સોલંકી ઉં.વ. ૬૩ ને અડફેટે લીધા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે રાવજીભાઈ રોડ કિનારે પટકાયા હતા અને તેમને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. સંજયભાઈએ પીછો કરીને ટ્રેક્ટરને પકડી પાડ્યું હતું. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક ૧૦૮ મારફતે આંકલાવ સરકારી દવાખાને ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બોરસદ સિટી પોલીસે અકસ્માત સર્જી મોત નીપજાવવા અંગે ટ્રેક્ટર ચાલક સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ન્યુ સમા રોડની મહિલાને T.P.૧૩ વિસ્તારમાં વાંદરાએ બચકાં ભર્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮

વડોદરા શહેરમાં માનવ વસાહતોમાં વધી રહેલા પ્રાણીઓના ત્રાસનો ભોગ વધુ એક નાગરિક બન્યા હોવાની ઘટના સામે આવી છે. વડોદરા શહેરના ન્યુ સમા રોડ વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષીય મીનાબેન ચંદ્રકાન્ત પુનીયમ ગતરોજ T.P.૧૩ વિસ્તારમાં આવેલા સાંઈબાબા મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક એક ઉશ્કેરાયેલા વાંદરાએ તેમના પર હુમલો કરી દીધો હતો.

વાંદરાના આ અચાનક અને આક્રમક હુમલાથી મીનાબેન પોતાને સંભાળી શક્યા ન હતા. વાંદરાએ તેમના બંને પગ પર બચકાં ભરી ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલાને કારણે વિસ્તારમાં થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો અને આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. લોકોએ બૂમાબૂમ કરી વાંદરાને ભગાડ્યો હતો.

ભાટ મુવાડી ગામે અકસ્માતે મકાઈ ડોડામાં આગ લાગતા નુકસાન

પ્રતિનિધિ) સુખસર તા.8

સુખસર તાલુકામાં ગત ચોમાસા દરમ્યાન અતિ ઓછા વરસાદના કારણે ખેતીની ઉપજ ઉપર ખેડૂતોને તમામ પાકોમાં વ્યાપક નુકસાન પહોંચવા પામેલ છે.જેમાં રહી સહી મકાઈની કડક તથા ડાંગરના ઘાસ ઉપર પોતાના પશુના પાલન માટે થોડી ઘણી આશા બંધાયેલી છે.ત્યારે આજરોજ સવારના 11:30 વાગ્યાના અરસામાં ભાટ મુવાડી ગામે મકાઈ ડોડા તથા ઘાસમાં અકસ્માતે આગ લાગતા મકાઈ ડોડા સહિત ઘાસ બળી જતા મોટું નુકસાન પહોંચવા પામ્યું હોવાનું જાણવા મળે છે.

સુખસર તાલુકાના ભાટ મુવાડી ગામે મકાઈના ડોડા સાથે મકાઈની રાડમાં અકસ્માતે આગ ભભૂકી ઉઠતા અંદાજિત 45 હજાર રૂપિયા જેટલું નુકસાન પહોંચવા પામ્યું હોવાનું જાણવા મળે છે.મકાઈ ડોડામાં આકસ્મિત રીતે અચાનક આગ લાગતા બળીને ભસ્મ થઈ જતા આવનાર સમયમાં પશુઓ માટે ઘાસચારો ક્યાંથી લાવવોનો



સળગતો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હોવાનું જાણવા મળે છે. સુખસર તાલુકાના ભાટ મુવાડી ગામે શૈલેષભાઈ વીરસીંગભાઈ ડીંડોર ભાગે જમીન લઈને ખેતી કરીને ગુજરાન ચલાવતા હતા.જ્યારે સુખસર તાલુકામાં પાણીના અભાવે ચોમાસાની ખેતી પણ નિષ્ફળ જવા પામી છે.જ્યારે પાણીની અછતના કારણે શિયાળુ સિઝન પણ ખેડૂતોને જતી કરવાના સ્પષ્ટ સંકેત જણાઈ ચૂક્યા છે.ત્યારે લોકો મૂંગા પ્રાણીઓ માટે ઘાસચારા માટે ચિંતિત છે.અને તેવા જ સમયે સુખસર તાલુકાના ભાટ મુવાડી ગામે રહેતા શૈલેષભાઈ વીરસીંગભાઈ ડીંડોરના ઓએ ચોમાસુ સીઝનની મકાઈ ડોડા સાથે ની કડબ ભેગી કરી રાખેલ હતી.

લુણાવાડા-સંતરામપુર હાઈવે પર નીલગાય આડે આવતાં બાઈક સ્લીપ થઈ

(પ્રતિનિધિ) સંતરામપુર, તા.8

મહિસાગર જિલ્લાના લુણાવાડા-સંતરામપુર હાઈવે પર મહેલોલીયા ગામની સીમમાં નીલગાય (રોજડું) અચાનક રોડ પર આવી ચડતાં મોટરસાયકલ સ્લીપ થઈ ગઈ હતી. આ માર્ગ અકસ્માતમાં બાઈક ચાલક વિનોદભાઈ ઉદાભાઈ નિનેમા (ઉં.વ. ૨૮, રહે. જીવણજીના છાપોરા, લુણાવાડા)નું માથાના ભાગે થયેલી ગંભીર ઈજાઓને પગલે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકના સાળા પંકજકુમાર દલાભાઈ ખાંટે લુણાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો અનુસાર, ગત તા. ૦૨/૧૧/૨૦૨૬ના રોજ વિનોદભાઈ પોતાના શેઠની હોન્ડા મોટરસાયકલ (GJ-35-QU-0815) લઈને સંજયભાઈ સદાશીવ ચૌધરી સાથે લુણાવાડા તરફ આવી રહ્યા હતા. સાંજના આશરે સાતેક વાગ્યાના સુમારે મહેલોલીયા ગામ પાસે રોડ પર અચાનક નીલગાય દોડી આવતાં બાઈક પરનો કાબૂ ગુમાવી દેતાં વાહન સ્લીપ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં પાછળ બેઠેલા સંજયભાઈને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, જ્યારે વિનોદભાઈને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી. પ્રથમ તેમને ગોધરા સિવિલ અને ત્યારબાદ વધુ ગંભીર હાલતમાં વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર હેઠળ રહેલા વિનોદભાઈનું ૭ નવેમ્બરની રાત્રે મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે અકસ્માત માટે જવાબદાર વિનોદભાઈ નિનેમા સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

કોયલી ગામમાંથી બે સંતાનોના પિતા રહસ્યમય સંજોગોમાં લાપતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા તાલુકાના કોયલી ગામના નાયક ફળિયામાં રહેતા બે સંતાનોના પિતા અચાનક રહસ્યમય સંજોગોમાં લાપતા થતાં પરિવારમાં ચિંતાનો માહોલ છવાયો છે. પત્ની સાથે ઉંડેરા બાંસલ મોલ ખાતે ખરીદી કરવા જતી વખતે અંકોડિયા નજીક પતિને અચાનક કામ યાદ આવતાં તેઓ બાઈક લઈને ઘરે પરત ફર્યા હતા. ત્યારબાદ બાઈકની ચાવી ઘરે મૂકી પગપાળા નીકળી ગયા હતા અને લાંબો સમય વીતવા છતાં પરત નહીં ફરતાં પરિવારે શોધખોળ શરૂ કરી હતી. વડોદરા તાલુકાના કોયલી ગામના નાયક ફળિયામાં રહેતા અમીતભાઈ મહેશભાઈ નાયક (ઉં.વ.41) એલઈડી સાઈન બોર્ડ બનાવવાનું કામ કરે છે. ગત તા. 6 નવેમ્બરે સાંજે છ વાગ્યાના અરસામાં તેઓ પત્ની સોનલબેન સાથે બાઈક પર નીકળ્યા હતા.


સોશિયલ મીડીયામાં ફેમશ થવા તલપાપડ

સફેદ કારમાં આવ્યો, માચીસ ફેંકી 24 નંબરને આગ ચાંપી

(પ્રતિનિધિ)વડોદરા,તા.8

સોશિયલ મીડિયા ઉપર રીલ બનાવવાની હોડ જામી છે. ત્યારે આ રીલ બનાવવાના ચક્કરમાં આજની નવી પેઢી નિયમોના લીરેલીરા ઉડાવવા સાથે પોતાના જીવને પણ જોખમ ઊભું કરી રહી છે. આવા ઘણા વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા હોય છે. ત્યારે તેઓ જ એક વિડીયો સામે આવ્યો છે.

જાહેર રોડ ઉપર જ્વલનશીલ પ્રવાહીથી 24 નંબર લખીને આગ લગાવતો યુવકનો વિડિઓ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વિડિઓમાં દેખાઈ રહ્યું છે કે એક યુવક પોતાની સફેદ કલરની કાર લઈને આવી રહ્યો છે. જ્યાં રોડ પર 24 નંબર લખવામાં આવ્યો છે. ત્યાં નજીકમાં જ તે પોતાની કાર ઉભી રાખે છે. ત્યારબાદ યુવક કારમાંથી ઉતરે છે અને માચીસ



સળગાવી તેની તિલ્લી આ 24 નંબર પર ફેંકે છે. જેથી તરત જ સમગ્ર 24 નંબરના આંક પર આગ ભભૂકી ઉઠે છે. આગ લાગ્યા બાદ યુવક પોતાની કારમાં બેસી ત્યાંથી ચાલ્યો જાય છે. જોકે, આ સમગ્ર ઘટના વખતે નજીકમાં જ ઉભેલા કારમાં સવાર યુવકના મિત્રો દ્વારા જ પોતાના મોબાઈલમાં આ દ્રશ્યો કેદ કરવામાં આવ્યા હોય તેમ લાગી રહ્યું છે. બીજી તરફ બર્થડે છે કે અન્ય કોઈ ખુશી, પણ આ રીતે ભાન ભૂલીને જાહેર રોડ ઉપર સ્ટંટ કરવાથી પોતાના સાથે બીજા વાહનચાલકોના જીવ પણ જોખમમાં મૂકાય છે.

ડીસીપી સાહેબનો ઈગો સાતમા આસમાને! ઉચ્ચ અધિકારીનો આદેશ પણ ફાઈલમાં કેદ!!



પોલીસ વિભાગમાં શિસ્ત સર્વોપરી ગણાય છે અને ઉચ્ચ અધિકારીનો આદેશ એટલે જાણે આખા તંત્ર માટે માર્ગદર્શક સિદ્ધાંત! પરંતુ વડોદરા પોલીસ બેડામાં એક DCP કક્ષાના અધિકારીની કાર્યશૈલીને લઈને એવી ચર્ચા છે કે જાણે આ સાહેબ માટે નિયમો અને આદેશો માત્ર વાંચવા પૂરતા જ હોય!

ચર્ચા એવી છે કે ઉચ્ચ અધિકારી દ્વારા પરિપત્ર મારફતે ચોક્કસ કામગીરી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. હવે સામાન્ય સમજ એવી કહે છે કે પરિપત્ર બહાર પડે એટલે તેના પર અમલ પણ થવો જોઈએ. પરંતુ અહીં તો જાણે પરિપત્રે ફાઈલમાં જ કાયમી આશરો લઈ લીધો ! ઉચ્ચ અધિકારીનો આદેશ આવ્યો ખરો, પણ તેનું પાલન થયું કે નહીં તે સવાલ હજુ પણ ચર્ચામાં છે.

પોલીસ વિભાગમાં નાના કર્મચારીથી લઈને મોટા અધિકારી સુધી સૌએ શિસ્તના પાઠ ભણવાના હોય છે. પરંતુ જો DCP કક્ષાના અધિકારી જ સૂચનાઓને પોતાની રીતે લેતા હોય તો પછી નીચેના કર્મચારીઓ પાસેથી શિસ્તની અપેક્ષા કેવી રીતે રાખવી? કે પછી સાહેબ માટે અલગ જ નિયમાવલી તૈયાર કરવામાં આવી છે?

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

પોલીસ વર્તુળોમાં તો એવી પણ ચર્ચા છે કે સાહેબના ઈગો અને અહંકારનો પારો એટલો ઊંચો રહે છે કે પોતાના સ્ટાફમાં પણ નારાજગીની લાગણી જોવા મળી રહી છે. હોદ્દો મોટો હોય એ સારી વાત છે, પરંતુ હોદ્દા સાથે જવાબદારી પણ એટલી જ મોટી હોય છે.

સવાલ માત્ર એક જ છે: ઉચ્ચ અધિકારીનો આદેશ માનવો કે પછી પોતાના ઈગોને જ સર્વોચ્ચ આદેશ માની લેવો?

હવે જોવાનું એ રહ્યું કે આ મામલે ફાઈલમાંથી બહાર નીકળીને કોઈ કાર્યવાહી થાય છે કે પછી આદેશ અને જવાબદારી બંને કાગળ પર જ ફરજ બજાવતા રહેશે!

સોલાર લગાવવા ગયા ને પ્લેન ભટકાવાની બીક લાગી!



સાહેબ, આજકાલ વીજળી બચાવવા અને સરકારની સબસીડીનો લાભ લેવા માટે ઘરની છત પર સોલાર પેનલ નંખાવવાનો ક્રેઝ જબરદસ્ત ચાલી રહ્યો છે. લોકો વિચારે કે બે પંખી એક શિકાર'–વીજળી ફ્રી અને ઉપરથી સબસીડીના પૈસા પાછા! પણ વડોદરામાં એક નાગરિક સાથે જે કાંડ થયો, એ સાંભળીને તમે પણ માથું પકડી લેશો કે ભાઈ આ વળી નવો કાયદો ક્યાંથી આવ્યો! કથા એવી છે કે આપણા એક ભોળા નાગરિકે ઉત્સાહમાં આવીને પોતાના ઘરની છત પર સોલાર પેનલ ફીટ કરાવી દીધી. ભાઈએ સપનાં જોઈ લીધાં કે હવે તો વીજળી બિલ ઝીરો અને ઉપરથી સબસીડીના રૂપિયા ખાતામાં! પણ જેવી સબસીડી માટે ફાઈલ મૂકવા ગયા, એટલે વીજ કંપનીવાળાઓએ એવો ફાટક પકડાવ્યો કે ભાઈના હોશ ઉડી ગયા. પહેલાં એરપોર્ટની એનઓસી લાવો, પછી સબસીડી મળશે! સામેથી વીજ કચેરીના બાબુએ કીધું: "ભાઈ, સોલારની સબસીડી જોતી હોય તો પહેલાં એરપોર્ટ ઓથોરિટીની નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવીને બતાવો! આ સાંભળીને નાગરિક બિચારો અવાચક થઈ ગયો. એ ભાઈનું ઘર આવેલું દક્ષિણ દિશા તરફના મધ્ય વિસ્તારમાં, અને એરપોર્ટ આવે ઉત્તર દિશામાં! બેય વચ્ચે પૂરું અંતર હોવા છતાં આ નિયમની એન્ટ્રી એવી થઈ કે નાગરિકે માથા પર હાથ દઈ દીધા. ભાઈને થયું– શુ મારું ઘર પ્લેનનું લેન્ડિંગ સ્ટેશન છે?! આખો મામલો જાણીને પેલા નાગરિકને હસવું કે રડવું એ જ ના સમજાયું. એમને રમૂજ સાથે કીધો બળાપો કાઢતા કહ્યું કે, "અરે ભાઈ, કમાલ છે! હું મારા ઘરની છત પર સોલાર પેનલ નાખું છું, તો શું આકાશમાંથી ઉડતું વિમાન મારા ઘરને ઘસીને કે અથડાઈને જવાનું છે? કે પછી પ્લેનવાળા મારી સોલાર પેનલ પર જ વિમાન પાર્ક કરવાના છે? વાત પણ સાચી છે ને સાહેબ! એરપોર્ટ ક્યાં ને ઘર ક્યાં! પણ નવા સરકારી નિયમોના વાયરે એવા ચક્કરમાં નાખ્યા કે બિચારો નાગરિક કચેરીઓ વચ્ચે ફૂટબોલની જેમ ગબડવા લાગ્યો. એક કચેરીવાળા બીજી કચેરીએ મોકલે અને બીજી કચેરીવાળા પાછા પેલી કચેરીએ ધકેલે! છત પર સોલાર પેનલ શોભાના ગાંઠિયા જેવી બેસી રહી, સબસીડીનું નામ નિશાન રહ્યું નહીં અને વીજ કચેરીના ઉંબરા ઘસી-ઘસીને નાગરિકના બૂટ ઘસાઈ ગયા. નવા નિયમોની આ અજબ-ગજબ ગૂંચવણે પેલા નાગરિકને અસમંજસમાં મૂકી દીધા છે કે સોલાર નખાવીને ભૂલ કરી કે સરકારના નિયમોમાં ફસાઈ ગયા! હવે જોવાનું એ રહે છે કે આ ટેકનિકલ અને ભ્રમણા ઊભી કરતા નિયમોમાંથી આ નાગરિકને ક્યારે મુક્તિ મળે છે અને સબસીડી ક્યારે હાથમાં આવે છે!

સાહેબની ખુરશી બદલાઈ તો ઓફિસનો ઠાઠ પણ બદલાયો! ફર્નિચર પાછળ જ રૂ.11 લાખનો 'શાહી' ખર્ચ?



પોલીસ વિભાગમાં અધિકારીઓની બદલી થવી એ સામાન્ય વહીવટી પ્રક્રિયા છે. એક અધિકારી જાય અને બીજા અધિકારી આવે. ખુરશી એ જ રહે, કચેરી એ જ રહે અને કામગીરી પણ એ જ રહે તેવી સામાન્ય અપેક્ષા હોય છે. પરંતુ વડોદરા પોલીસમાં જાણે કેટલાક સાહેબો માટે આ વાત લાગુ પડતી નથી! અહીં અધિકારી બદલાય એટલે કચેરીનો નકશો, રંગરૂપ અને ફર્નિચર પણ બદલાવું જોઈએ એવી નવી પરંપરા શરૂ થઈ હોય તેવી ચર્ચા છે.

પોલીસ વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, તાજેતરમાં બદલી થઈને આવેલા એક ઉચ્ચ પોલીસ અધિકારીને અગાઉની કચેરીનું ફર્નિચર, બાંધકામ અને કલર કામ કંઈ ખાસ પસંદ પડ્યું નહીં. પરિણામે સાહેબની બેઠક કચેરીને નવો શાહી લુક આપવાની કવાયત હાથ ધરાઈ હોવાનું કહેવાય છે. હવે આ સજાવટમાં થયેલા ખર્ચની ચર્ચા સાંભળીને તો જાણે કચેરી નહીં, કોઈ ફાઈવ સ્ટાર હોટલનો સ્યુટ તૈયાર થયો હોય તેવી લાગણી થાય!

ચર્ચા તો એવી છે કે સાહેબના બેઠક રૂમના માત્ર ફર્નિચર પાછળ જ અંદાજે રૂ.11 લાખનો ખર્ચ થયો છે. એટલે કે સાહેબની ખુરશી પર બેસવાની વ્યવસ્થા પણ હવે લાખોના બજેટમાં થવા લાગી છે! જો માત્ર ટેબલ-ખુરશી અને ફર્નિચર પાછળ જ આટલો ખર્ચ થયો હોય તો આખી કચેરીના રિનોવેશન, કલરકામ, બાંધકામ અને અન્ય સુવિધાઓનો સરવાળો કેટલો પહોંચ્યો હશે તેવો સવાલ સ્વાભાવિક રીતે ઊભો થાય છે.

પરંતુ અસલી સવાલ ફર્નિચરની કિંમતનો જ નથી, તેના બિલની જવાબદારીનો પણ છે. આ લાખો રૂપિયાનો ખર્ચ સરકારી તિજોરીમાંથી થયો છે કે સાહેબે પોતાના ખિસ્સામાંથી ઉદારતા દાખવી છે? જો સરકારી નાણાં વપરાયાં હોય તો મંજૂરી કોણે આપી, બજેટ કયા હેડમાંથી ફાળવાયું અને ખર્ચની પ્રક્રિયા કયા નિયમો હેઠળ કરવામાં આવી? આ વિગતો સામે આવે તે જરૂરી છે.

એક તરફ પોલીસ કર્મચારીઓ માટે પૂરતી સુવિધાઓ, સ્ટાફની અછત અને પોલીસ મથકોની માળખાકીય સ્થિતિ જેવા પ્રશ્નો વારંવાર ચર્ચાય છે, ત્યારે બીજી તરફ એક ઉચ્ચ અધિકારીની કચેરીના ફર્નિચર પાછળ રૂ.11 લાખના ખર્ચની ચર્ચા ચોક્કસપણે ધ્યાન ખેંચે છે.

સાહેબની ખુરશી આરામદાયક હોવી જોઈએ એમાં કોઈ બેમત નથી, પરંતુ એ આરામનો ખર્ચ કોના ખિસ્સામાંથી થયો તે જાણવાનો અધિકાર જનતાને ચોક્કસ છે!

હવે જોવાનું એ છે કે આ શાહી સજાવટનો હિસાબ પણ શાહી અંદાજમાં જાહેર થશે કે પછી ખર્ચની વિગતો પણ કચેરીની ફાઈલોની જેમ પડદા પાછળ જ રહેશે!

પંખીઓના માળા ઉજાડીને ઊભી કરેલી હોટલમાં હવે 'અદૃશ્ય મહેમાનો'નો આતંક?



વિશ્વામિત્રી નદીના કિનારે પંખીઓના કુદરતી આશિયાના સમાન માળાઓનો સફાયો કરીને ઊભી કરાયેલી કહેવાતી ગેરકાયદે હોટલમાં હવે જાણે કુદરત સિવાય કોઈ બીજું જ 'રહસ્ય' ચર્ચામાં આવી ગયું હોય તેમ લાગી રહ્યું છે! વિકાસના નામે પંખીઓના રહેઠાણો તો છીનવાઈ ગયા, પરંતુ હવે હોટલમાં રોકાયેલા મહેમાનોની ઊંઘ પણ ઊડી ગઈ હોવાની ચર્ચા છે!

મળતી વિગતો અને સ્થાનિકોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, કાળીચૌદશની મધરાતે હોટલમાં એવી અજીબોગરીબ ઘટના બની કે જાણે હોટલમાં અદૃશ્ય મહેમાનોએ જ ચેક-ઈન કરી લીધું હોય! હોટલની લિફ્ટમાં કોઈ વ્યક્તિ હાજર ન હોવા છતાં તે આપમેળે ઉપર-નીચે થવા લાગી હોવાની વાત સામે આવી છે. એટલું જ નહીં, લાઈટો પણ પોતાની મરજી મુજબ ચાલુ-બંધ થવા લાગતાં હોટલના ગ્રાહકો અને સ્ટાફમાં ફફડાટ ફેલાયો હતો.

જે મહેમાનો આરામ કરવા આવ્યા હતા તેમને અચાનક હોટલમાં જાગરણ કરવું પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ! કેટલાક ગ્રાહકો રૂમમાંથી બહાર દોડી આવ્યા હોવાની અને કેટલાકે તો રાતોરાત હોટલ છોડવાનું પસંદ કર્યું હોવાની ચર્ચા છે.

હવે સવાલ એ છે કે આ ખરેખર કોઈ અશરીરી શક્તિનો ખેલ છે કે પછી લિફ્ટની ટેકનિકલ ખામી, ઈલેક્ટ્રિકલ ફોલ્ટ કે અન્ય કોઈ કારણ? કારણ કે ટેક્નોલોજીના યુગમાં લિફ્ટ અને લાઈટો પણ જો પોતાની મરજીથી કામ કરવા લાગે તો પછી હોટલ મેનેજમેન્ટે મહેમાનોને રૂમ આપતા પહેલાં ટેક્નિકલ તપાસ કરાવવી પડે કે તાંત્રિક બોલાવવા પડે તેવો વ્યંગાત્મક સવાલ ઊભો થાય છે!

સ્થાનિકોમાં તો એવી પણ કટાક્ષભરી ચર્ચા છે કે હજારો પંખીઓના માળા ઉજાડીને ઊભી કરાયેલી ઈમારતમાં હવે કુદરતનો કોપ છે કે માત્ર બેદરકાર બાંધકામ અને નબળી જાળવણીનું પરિણામ? અલબત્ત, ભૂતપ્રેત કે અશરીરી શક્તિ હોવાના કોઈ પુરાવા નથી અને ઘટનાની ટેકનિકલ તપાસ જ હકીકત સ્પષ્ટ કરી શકે. હવે તંત્ર માટે પણ સવાલ છે કે પંખીઓના આશિયાના ઉજાડીને ઊભી થયેલી આ હોટલના કાયદેસર બાંધકામની તપાસ થશે કે નહીં? અને મધરાતે સર્જાયેલી આ રહસ્યમય ઘટનાનું ટેકનિકલ રહસ્ય ક્યારે ઉકેલાશે?

હાલ તો હોટલની લિફ્ટ ઉપર-નીચે થઈ રહી છે કે નહીં તે અલગ વાત છે, પરંતુ આ ઘટનાએ વડોદરામાં ચર્ચાનું તાપમાન ચોક્કસ ઊંચું કરી દીધું છે!